ખાનગી ઈન્સ્ટિટ્યૂટના ઉદ્ઘાટન સ્થળે કાદવ-કીચડ અને ગંદકીના ગંજ; લોકોએ પૂછ્યું - 'શું સફાઈ માત્ર કેમેરા માટે?'

રોડ શો બાદ કચરા, કાચના ટુકડાઓનો ખડકલો!

વડોદરામાં PMના રોડ-શો બાદ 'સ્વચ્છતા'નો ડોળ!

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

સંસ્કારી નગરી વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય રોડ-શો બાદ ભાજપના કાર્યકરોએ મિશાલ રજૂ કરી છે. લાખોની જનમેદનીને કારણે દોઢ કિલોમીટર લાંબા રૂટ પર ફૂલોની પાંખડીઓ અને કચરાના ઢગલા થયા હતા, પરંતુ કાર્યક્રમ પૂર્ણ થતાની સાથે જ ભાજપના આગેવાનો અને કાર્યકરોએ સરકારી તંત્રની રાહ જોયા વગર જાતે જ સફાઈ અભિયાન શરૂ કરી દીધું હતું. જોકે, આ સરાહનીય કામગીરીની બીજી તરફ એક નકારાત્મક ચિત્ર પણ સામે આવ્યું છે, જ્યાં પ્રધાનમંત્રીના અન્ય કાર્યક્રમ સ્થળ પાસે ગંદકીના સામ્રાજ્યને કારણે લોકોમાં 'સફાઈના ઢોંગ' સામે રોષ જોવા મળ્યો હતો.

ગઈકાલે વડોદરાના એરપોર્ટથી ગદા સર્કલ સુધીના માર્ગ પર વડાપ્રધાનનો ભવ્ય રોડ-શો યોજાયો હતો. આ રોડ-શોમાં ઉમટી પડેલા લાખો નાગરિકો અને સ્વાગત માટે કરવામાં આવેલા પુષ્પવર્ષાને કારણે માર્ગો પર કચરો અને ફૂલોનો ખડકલો થઈ ગયો હતો. સામાન્ય રીતે આવા મોટા આયોજનો બાદ સફાઈની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશન પર છોડવામાં આવતી હોય છે, પરંતુ આ વખતે ભાજપ સંગઠને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વડોદરાના સાંસદ, શહેર પ્રમુખ અને અન્ય અગ્રણી નેતાઓ પોતે રસ્તા પર ઉતરી આવ્યા હતા અને હાથમાં ઝાડુ લઈ સફાઈ શરૂ કરી હતી. ગદા સર્કલથી એરપોર્ટ સુધીના સમગ્ર માર્ગને કાર્યકરોએ ટૂંક સમયમાં જ સાફ કરી શહેરને પુનઃ સ્વચ્છ બનાવ્યું હતું. જોકે, આ સિક્કાની બીજી બાજુ પણ ચર્ચાનો વિષય બની છે. પ્રધાનમંત્રી જે ખાનગી ઈન્સ્ટિટ્યૂટના ઉદ્ઘાટન માટે ગયા હતા, ત્યાંની સ્થિતિ સફાઈ અભિયાનના દાવાઓ પર સવાલ ઉભા કરી રહી છે. આ સંસ્થાની આસપાસ અને ખુલ્લા મેદાનમાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળ્યા હતા. એટલું જ નહીં, મેદાનમાં વધારાનો સામાન રઝળતી હાલતમાં છોડી દેવાયો હતો. રસ્તાઓ પર કાચના ટુકડા, કાદવ અને કીચડનું સામ્રાજ્ય જોવા મળતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

લોકોમાં એવી ચર્ચા જાગી હતી કે એક તરફ નેતાઓ કેમેરા સામે સફાઈ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ મહત્વના સ્થળોએ ગંદકીની અવદશા કેમ? શું સફાઈ માત્ર દેખાડો કરવા પૂરતી જ હતી તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. આમ, વડોદરામાં વડાપ્રધાનના આગમન બાદ એક તરફ કાર્યકરોની સ્વયંભૂ સફાઈની પ્રશંસા થઈ રહી છે, તો બીજી તરફ ખાનગી સંસ્થા પાસેની ગંદકીને કારણે તંત્ર અને આયોજકોની બેદરકારી પણ છતી થઈ છે.

વડોદરા ખાતે 'સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર'ની પસંદગી પ્રક્રિયા યોજાશે

વડોદરા : વડોદરા જિલ્લામાં વિવિધ રમતો માટે 'સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર' યોજના અંતર્ગત પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે.આ પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે, શૂટિંગ રમત માટે આગામી તા. ૧૮/૦૫/૨૦૨૬ થી તા. ૨૦/૦૫/૨૦૨૬ દરમિયાન સવારે ૦૭:૦૦ કલાકે માંજલપુર રમત સંકુલ ખાતે પસંદગી કસોટી યોજાશે. આ કસોટી શૂટિંગની નિવાસી તથા બિન-નિવાસી બંને પ્રકારની એકેડમી માટે લેવામાં આવશે.ટેનિસ રમત માટેની પસંદગી પ્રક્રિયા માત્ર બિન-નિવાસી એકેડમી માટે તા. ૨૦/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૦૭:૦૦ કલાકે વાઘોડિયા રમત સંકુલ, પરીવાર ચાર રસ્તા પાસે, વડોદરા ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે સ્વિમિંગ રમત માટેની ટ્રાયલ્સ તા. ૨૪/૦૫/૨૦૨૬ અને તા. ૨૫/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૦૭:૦૦ કલાકે સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ન્યુ સમા ખાતે યોજાશે.

રામપુરામાં જમીન વિવાદે લીધો હિંસક વળાંક

૨૫થી ૩૦ લોકોના ટોળાએ પરિવાર પર કર્યો હુમલો

પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ કાબૂમાં લીધી

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વડોદરા શહેરના રામપુરા વિસ્તારમાં જમીન વિવાદ મામલે હિંસક અથડામણ સર્જાતા વિસ્તારમાં તણાવનો માહોલ ઉભો થયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ૨૫ થી ૩૦ લોકોના ટોળાએ એક પરિવાર પર ધારિયા, લાકડીઓ અને અન્ય હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલામાં પરિવારના છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બનાવ દરમિયાન અચાનક ટોળું એકઠું થઈ પરિવારના સભ્યોને નિશાન બનાવી હુમલો શરૂ કર્યો હતો.

હુમલામાં મહિલાઓ સહિતના સભ્યોને ઈજા પહોંચી હતી. સ્થાનિક લોકો દોડી આવતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. પીડિત પરિવારે આરોપ લગાવ્યો હતો કે જમીન વિવાદ અંગે અગાઉથી જાણ હોવા છતાં પોલીસ દ્વારા પૂરતી કાર્યવાહી કરવામાં આવી નહોતી.

સમયસર પગલાં લેવાયા હોત તો હુમલો અટકાવી શકાય તેમ હતો તેવી પણ ફરિયાદ ઉઠી હતી. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે હુમલાખોરોની ઓળખ મેળવવા તેમજ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનિય છે કે, આ જમીન માટે થયેલા હુમલાને પગલે વિસ્તારમાં ભારે તણાવનો માહોલ ઊભો થયો હતો.

સેવા, સમર્પણ અને સ્મિતનો સંગમ

વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે 'વિશ્વ નર્સિંગ દિવસ'ની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

સેવા એ જ ધર્મ ના મંત્રને આત્મસાત કરી અવિરત કાર્યરત રહેતા નર્સિંગ સ્ટાફના માનમાં આજે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે 'વિશ્વ નર્સિંગ દિવસ'ની અત્યંત ઉત્સાહભેર અને ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આધુનિક નર્સિંગના પ્રણેતા અને 'લેડી વિથ ધ લેમ્પ' તરીકે ઓળખાતા ફ્લોરેન્સ નાઈટીંગેલના જન્મદિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં હોસ્પિટલના ખૂણેખૂણેથી નર્સિંગ સ્ટાફ મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો. એસએસજી હોસ્પિટલના નર્સિંગ એસોસિએશન દ્વારા આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં સવારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તમામ નર્સોએ એકત્રિત થઈને સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા. સ્ટાફે નિષ્ઠાપૂર્વક, પક્ષપાત રહિત અને માનવતાના અભિગમ સાથે દર્દીઓની સેવા કરવાના પોતાના સંકલ્પને ફરી એકવાર દોહરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નર્સિંગ સ્ટાફે એકબીજાને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું અને વ્યવસાયિક એકતાના દર્શન કરાવ્યા હતા. આ ઉજવણી માત્ર સ્ટાફ પૂરતી સીમિત રહી ન હતી. નર્સિંગ સ્ટાફ દ્વારા હોસ્પિટલના વિવિધ વોર્ડની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં દાખલ થયેલા બીમાર દર્દીઓને ફ્રૂટ વિતરણ કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. માંદગીના બિછાને પડેલા દર્દીઓના ચહેરા પર સ્મિત લાવવાના આ પ્રયાસને હોસ્પિટલના વહીવટી તંત્ર અને નાગરિકોએ મુક્ત કંઠે બિરદાવ્યો હતો. આ પ્રસંગે હાજર રહેલા હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ અને નર્સિંગ ક્ષેત્રના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, કોરોના જેવી વૈશ્વિક મહામારી હોય કે સામાન્ય દિવસો, નર્સિંગ સ્ટાફ હંમેશા હોસ્પિટલની કરોડરજ્જુ સાબિત થયો છે.

માંજલપુર પોલીસ ઉંઘતી ઝડપાઈ

વડસરમાં SMCનો સપાટો, દારૂનું ગોડાઉન ઝડપાયું

વડોદરા : વડોદરા શહેરના વડસર વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે વડસર ગામના ગોચર વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલી રહેલા વિદેશી દારૂના વેચાણ પર એસએમસીની ટીમે રેડ પાડી હતી. કાર્યવાહી દરમિયાન આશરે 35થી 40 પેટી જેટલો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.હાલ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

SOU ખાતે કેન્દ્રીય મંત્રીઓની મુલાકાત સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ અર્પી

(પ્રતિનિધિ), રાજપીપળા. તા.12

કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને રાજ્યમંત્રી શ્રી સુરેશ ગોપીએ એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે વ્યુઈંગ ગેલેરીથી સરદાર સરોવર ડેમ અને નર્મદા નદીના દ્રશ્યો નિહાળી પર્યટન સુવિધાઓની પ્રશંસા કરી હતી. શ્રી શેખાવતે સ્ટેચ્યુ ઓફ યુનિટીને રાષ્ટ્રભક્તિ અને એકતાનું પ્રતિક ગણાવ્યું હતું, જ્યારે શ્રી સુરેશ ગોપીએ દરેક ભારતીયને જીવનમાં એકવાર અહીં મુલાકાત લેવા આહ્વાન કર્યું હતું.

ભાવિ તબીબોને અપાયું ક્રાઈમ ઈન્વેસ્ટિગેશનનું વિશેષ ભાથું

ગોત્રી મેડિકલ કોલેજ ખાતે 'નેશનલ ફોરેન્સિક ડે'ની ભવ્ય ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વડોદરાની જી.એમ.ઈ.આર.એસ. (GMERS) મેડિકલ કોલેજ અને ગોત્રી હોસ્પિટલના 'ફોરેન્સિક મેડિસિન એન્ડ ટોક્સિકોલોજી' વિભાગ દ્વારા આજે 'નેશનલ ફોરેન્સિક સાયન્સ ડે'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મેડિકલ વિદ્યાર્થીઓને ગુનાની તપાસમાં વિજ્ઞાનના વધતા મહત્વ અને ન્યાયિક પ્રક્રિયામાં ડોક્ટરોની ભૂમિકા વિશે માહિતગાર કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મેડિકલ વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓને સંબોધતા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં માત્ર પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ જ નહીં, પણ 'સાયન્ટિફિક એવિડન્સ' ન્યાય અપાવવામાં સૌથી વધુ મહત્વના સાબિત થાય છે. કાર્યક્રમ દરમિયાન નીચે મુજબના મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પોસ્ટમોર્ટમ દરમિયાન કઈ બાબતોનું ધ્યાન રાખવું અને મૃત્યુનું ચોક્કસ કારણ કેવી રીતે શોધવું. જટિલ અને વણઉકેલ્યા કેસોમાં DNA પ્રોફાઈલિંગ કેવી રીતે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.ક્રાઈમ સીન પરથી લોહીના નમૂના, ફિંગરપ્રિન્ટ્સ કે અન્ય પુરાવાઓને વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે સુરક્ષિત કરવા.

ગોત્રી હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના HOD ડૉ. હિતેશ રાઠોડએ જણાવ્યું હતું કે, આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નવી પેઢીના તબીબોને ફોરેન્સિક ક્ષેત્ર તરફ આકર્ષિત કરવાનો છે. વર્તમાન સમયમાં ગુના શોધવામાં DNA ટેસ્ટિંગ, ડિજિટલ ફોરેન્સિક્સ અને ટોક્સિકોલોજી અત્યંત નિર્ણાયક સાબિત થઈ રહ્યા છે. આવા આયોજનોથી પોલીસ તંત્ર અને ડોક્ટરો વચ્ચે સંકલન મજબૂત બને છે.

કાર્યક્રમમાં માત્ર શૈક્ષણિક પાસાઓ જ નહીં, પરંતુ સામાજિક પાસાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. હોસ્પિટલ દ્વારા જાહેર જનતાની સુવિધા માટે મૃતદેહોને સુરક્ષિત રાખવા માટે ઉપલબ્ધ કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા અંગે પણ મહત્વની જાણકારી પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર આયોજન દ્વારા વિદ્યાર્થીઓને સંદેશ આપવામાં આવ્યો હતો કે એક ડોક્ટર તરીકે તેઓ માત્ર દર્દીઓનો ઈલાજ જ નથી કરતા, પરંતુ ફોરેન્સિક એક્સપર્ટ તરીકે સમાજમાં ન્યાય અપાવવામાં પણ તેમનો ફાળો અતુલ્ય છે. સમગ્ર કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

માનવતા, સંવેદનશીલતા અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ

રેલવે પ્રોટેક્શન ફોર્સની પ્રામાણિકતા: વિદેશી મુસાફરના ચહેરા પર સ્મિત લાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ઓપરેશન અમાનત દ્વારા, વડોદરા ડિવિઝનની રેલ્વે પ્રોટેક્શન ફોર્સની ટીમે મડગાંવ-નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી કરતી એક વિદેશી મહિલાને આશરે 3,60,000ની કિંમતનો ખોવાયેલો અને ત્યજી દેવાયેલ સામાન સુરક્ષિત રીતે પરત કરીને માનવતા, સંવેદનશીલતા અને સેવાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું હતું. મુસાફરો ઘણીવાર ઉતાવળમાં ટ્રેન મુસાફરી દરમિયાન પોતાનો સામાન ભૂલી જાય છે. જો કે, આવા સમયે વડોદરા ડિવિઝનના રેલ્વે પ્રોટેક્શન ફોર્સનું સંવેદનશીલ અને જવાબદાર વર્તન મુસાફરોના આત્મવિશ્વાસને વધુ મજબૂત બનાવે છે. વડોદરા ડિવિઝનની રેલ્વે પ્રોટેક્શન ફોર્સની ટીમે ફરી એકવાર ઓપરેશન અમાનત હેઠળ પોતાની સતર્કતા અને પ્રામાણિકતા દર્શાવી છે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું હતું કે

11 મે ના રોજ, વડોદરા ડિવિઝન રેલ્વે પ્રોટેક્શન ફોર્સ કંટ્રોલ રૂમ તરફથી મળેલી માહિતીના આધારે, સહાયક સબ-ઈન્સ્પેક્ટર મૂળચંદ વર્મા અને મહિલા કોન્સ્ટેબલ અંજુ યાદવ ટ્રેન નંબર 22413 મડગાંવ-નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસના ફર્સ્ટ એસી કોચમાં હાજર થયા હતા. નિરીક્ષણ દરમિયાન, તેમને એક મુસાફર દ્વારા સુરક્ષિત રીતે છોડી ગયેલી કિંમતી વસ્તુઓ મળી હતી.

થોડા સમય પછી, રશિયન નાગરિક લાકોવલેવા લ્યુબોવ રેલ્વે પ્રોટેક્શન ફોર્સ પોસ્ટ પર પહોંચી. તેમની મુસાફરી ટિકિટ અને પાસપોર્ટની ચકાસણી કર્યા પછી, તેમનો સામાન સુરક્ષિત રીતે પરત કરવામાં આવ્યો. મુસાફર તેમની કિંમતી વસ્તુઓ સુરક્ષિત રીતે પ્રાપ્ત થતાં ભાવુક થઈ ગઈ અને તેમણે વડોદરા ડિવિઝન રેલ્વે પ્રોટેક્શન ફોર્સ ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

મુસાફરના જણાવ્યા મુજબ, સામાનની કુલ અંદાજિત કિંમત આશરે 3,60,000 હતી, જેમાં ત્રણ લેપટોપ, ચાર લગેજ બેગ અને બે ડોગ કાર્ટન બોક્સનો સમાવેશ થાય છે. વડોદરા ડિવિઝનની આરપીએફ ટીમ ઓપરેશન અમાનત દ્વારા મુસાફરોના ખોવાયેલા અને પાછળ રહી ગયેલા સામાનને સતત સુરક્ષિત રીતે પરત કરીને પોતાની જવાબદારી નિભાવી રહી છે, પરંતુ માનવતા, સંવેદનશીલતા અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પણ રજૂ કરી રહી છે.

રૂ.55.59 લાખ વળતર ચૂકવવા આદેશ

ચેક બાઉન્સ કેસમાં ઠગાઈના આરોપીને બે વર્ષની સજા ફટકારાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા જિલ્લાના પોર ગામે આવેલા મેસર્સ શાહ એન્ડ કંપની પેટ્રોલ પંપના ભાગીદારે રણોલી નિવાસી કન્સ્ટ્રક્શનના નામે ઠગાઈ કરનાર સામે નોંધાવેલા ચેક બાઉન્સ કેસમાં અદાલતે કડક ચુકાદો આપ્યો છે. અદાલતે ચામુંડા કન્સ્ટ્રક્શનના પ્રોપરાઈટર દર્શન પ્રફુલ્લ પંચાલને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 હેઠળ દોષિત ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આરોપીએ કન્સ્ટ્રક્શન કામ માટે ક્રેડિટ પર ડીઝલ મેળવ્યું હતું અને 10 દિવસમાં ચુકવણી કરવાની ખાતરી આપી હતી. જાન્યુઆરીથી ફેબ્રુઆરી-2023 દરમિયાન 29 વખતમાં રૂ.43.02 લાખનું ડીઝલ ભરાવાયું હતું. જોકે આરોપીએ માત્ર રૂ.15.22 લાખની ચુકવણી કરી હતી અને રૂ.27.79 લાખ બાકી રહ્યા હતા. ઉઘરાણી બાદ આરોપીએ આઈસીઆઈસીઆઈ બેંકનો ચેક આપ્યો હતો, પરંતુ પેટ્રોલ પંપના સંચાલકે ચેક સ્ટેટ બેંકમાં જમા કરાવતા સિગ્નેચર ડિફર કારણસર ચેક પરત ફર્યો હતો. કાનૂની નોટિસ આપવા છતાં ચુકવણી ન થતાં વેપારીએ કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. અદાલતે આરોપીને ચેકની રકમના બમણા એટલે કે રૂ.55.59 લાખ એક માસમાં વળતર રૂપે ચૂકવવાનો હુકમ કર્યો છે. જો રકમ નહીં ભરે તો વધારાની છ માસની સાદી કેદ ભોગવવી પડશે.

વડોદરામાં વાહકજન્ય રોગો સામે પાલિકાનું 'મહાઅભિયાન', 4.21 લાખ ઘરોની તપાસ

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વડોદરાના તમામ ઝોન અને અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ હેઠળ આવતા વિસ્તારોમાં ગત તા. 27-04-2026 થી તા. 06-05-2026 દરમિયાન 'હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ'નો પ્રથમ રાઉન્ડ સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગની ટીમોએ શહેરના ખૂણેખૂણામાં જઈને 4.21 લાખથી વધુ પરિવારોનો પ્રત્યક્ષ સંપર્ક કર્યો હતો.

વડોદરાના માર્ગો પર 'મોતનો સામાન' લઈને દોડતી બોલેરો

ક્ષમતા કરતા વધુ સામાન ભરી ચાલકે વાહનચાલકોના જીવ જોખમમાં મૂક્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વડોદરાના રસ્તાઓ પર અત્યારે શિસ્ત નહીં પણ 'મોત' દોડી રહ્યું હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. એરપોર્ટ સર્કલ જેવા વ્યસ્ત વિસ્તારથી સરદાર એસ્ટેટ તરફ જતા માર્ગ પર એક બોલેરો પીકઅપ વાન (નંબર :- GJ-06-BY-0980) જે રીતે ઓવરલોડ હાલતમાં પસાર થઈ રહી હતી, તે જોઈને પસાર થતા વાહનચાલકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થતા હવે ટ્રાફિક પોલીસની કાર્યક્ષમતા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે વાનની ઉંચાઈ અને પહોળાઈ કરતા વધુ સામાન (પૂંઠા અને ભંગારના કોથળા) જોખમી રીતે લટકાવી દેવામાં આવ્યો છે. રસ્તા પરથી પસાર થતી વખતે આ વાન ગમે ત્યારે પલટી ખાય અથવા ઉપરથી કોઈ વજનદાર વસ્તુ પાછળ આવતા

ટુ-વ્હીલર ચાલક પર પડે તેવી પૂરી શક્યતા હતી. ડ્રાઈવરની આ અક્ષમ્ય બેદરકારી માત્ર તેના પોતાના માટે જ નહીં, પણ રસ્તા પર દોડતા નિર્દોષ નાગરિકો માટે જોખમી સાબિત થઈ શકે છે.

ડભોઈની ગાંધીશેરીમાં નવીન રસ્તાથી ડ્રેનેજની સમસ્યા

(પ્રતિનિધિ), ડભોઇ, તા.12

ડભોઇ નગર પાલિકા ધ્વારા એક માસ પૂર્વે ગાંધીશેરી માં આર.સી.સી.રોડ બનાવાયો હતો.ત્યારે રોડ ની કામગીરી દરમિયાન ડ્રેનેજ પાઈપ માં માટી ભરાય જતા રોડ બન્યા બાદ ડ્રેનેજ ચોક અપ થઈ જવા પામી હતી. જેથી એક માસ પૂર્વે બનેલ માર્ગ ને ફરી ખોદવાનો વારો આવતા પાલિકા ના વહીવટ ની નિષ્ફળ નીતિ સામે આવી છે.

ડભોઇ નગર પાલિકા ના હદ વિસ્તાર ની ગાંધીશેરી માં કોન્ટ્રાકટર ધ્વારા એક માસ પૂર્વે સી.સી.રોડ બનાવાયો હતો.જે રોડ નું કામ કોન્ટ્રાકટર ધ્વારા જૂનો જર્જરીત રોડ ખોદી નવો આર.સી.સી.રોડ બનાવાયો છે.ત્યારે માંડ એક માસ માસ રોડ બન્યા બાદ ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા સામે આવે છે.વિસ્તાર ના રહીશો એ કોન્ટ્રાકટર ને ફરિયાદ કરતા પાલિકા માં ફરિયાદ કરવાનું જણાવતા હોવાનું કહેવાય છે.જ્યારે હાલ નગર પાલિકા માં વહીવટી બોર્ડ પણ કાર્યરત થયું નથી.જેથી પાલિકા માં પણ લોકો નું કોઈ સાંભળતું ના હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.બીજી બાજુ ફરિયાદો નો મારો થતા આખરે કોન્ટ્રાકટર ધ્વારા નવો સી.સી.રોડ ખોદી પાઈપ નાખી હાલ પૂરતું નિરાકરણ તો લઈ આવ્યા છે.પરંતુ નવો રોડ ખોદી નાખતા વિસ્તાર માં નવી સમસ્યાએ જન્મ લીધો છે.હવે ફરી સીસી રોડ નું કામ કોન્ટ્રાકટર પાસે કરાવવાની વિસ્તાર ના લોકો આશા રાખી રહ્યા છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

વડોદરા શહેરના વાઘોડીયા ચોકડીથી સિધ્ધેશ્વર હાર્બર સુધી નેશનલ હાઇ-વે સમાંતર વરસાદી ચેનલ બનાવવાની કામગીરી અર્થે પી. એમ. આવાસ (ખટંબા રેસીડન્સી) પાસે હાઇવે ને જોડતા ૨૭.૦ મી. નો રસ્તો અત્રેથી ઇજારદાર મે. ડી.બી. ઇન્ફ્રાટેક ધ્વારા બંધ રાખવામાં આવનાર હોવાને કારણે સદર કામગીરી માટે ઉપરોક્ત જંકશન પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી. સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ હાલના તબક્કે જંકશન પર તા.૧૪.૦૫.૨૦૨૬ થી આગામી દિન-૧૫ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો સિંગલ લેન/જરૂરિયાત મુજબ સંપૂર્ણ બંધ રહેશે જેથી અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી..આર.ઓ.નં.૬૮/૨૦૨૬-૨૭ વ.ગટર પ્રોજેકટ શાખા ધ્વારા પ્રકાશિત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

IDFC FIRST Bank

CIN L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ:- કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ-600031.

ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

ધ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ

નીચે જણાવેલ લેણદારો અને સહ-લેણદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન મેળવી હતી. નીચે જણાવેલ લેણદારો અને સહ-લેણદારોની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરો દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારની શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને ખાતા અનિયમિત બન્યા હોવાથી તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવવાપાત્ર રકમ નીચેના કોષ્ટકમાં વિગતવાર વર્ણવ્યા મુજબ જારી કરાયેલ સંબંધિત નોટિસો મુજબ દર્શાવેલ છે અને ઉક્ત રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે સંબંધિત તારીખોથી કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ	લોન નં. એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	લેણદારો અને સહ-લેણદારોના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	140374986	મિલકત સામે લોન	1. પટેલ સતીષભાઈ 2. મંજુલાબેન પટેલ 3. પટેલ જીતેન્દ્રકુમાર	13.04.2026	INR 3,66,249.06/-

મિલકતનું સરનામું: ગ્રામ પંચાયત મિલકત નં. 580 ધરાવતી મિલકતનો તમામ હિસ્સો અને પાર્સલ, વચલું ફળિયું, ગામ વેમર, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા, ગુજરાત - 391240, માપ 390 ચોરસ ફૂટ અને જેની સીમાઓ આ મુજબ છે: પૂર્વ: રોડ, પશ્ચિમ: પટેલ જતિનભાઈ શિવાભાઈનું મકાન, ઉત્તર: અતુલભાઈ હીરાભાઈ પટેલનું મકાન, દક્ષિણ: પટેલ જતિનભાઈ શિવાભાઈનું મકાન.

આથી તમને આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર, ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને સંબંધિત તારીખોથી કરારબદ્ધ વ્યાજ દર અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે સાથે રકમ ચૂકવવા માટે જણાવવામાં આવે છે, તેમ કરવામાં નિષ્ફળ જશો તો અધોહસ્તાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને લેણી રકમ વસૂલવા માટે ઉપર જણાવેલ ગીરો મિલકતો સામે સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે બંધાયેલા રહેશે. વધુમાં, ઉક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ તમને ઉક્ત સુરક્ષિત મિલકતોને વેચાણ/ભાડાપટ્ટે અથવા અન્યથા ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 13.05.2026
સ્થળ: વડોદરા, ગુજરાત

IKF Home Finance

આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ

ઇકિવનોક્સ બાય ફોનિક્સ-ટાવર 3, 10મો માળ, ડાયમંડ હિલ્સ, લુમ્બિની એવન્યુ, રાય દુર્ગ, ગાચીબોવલી, હૈદરાબાદ | તેલંગાણા - 500081

સ્થાવર મિલકત માટે કબજાની નોટિસ [(પરિશિષ્ટ IV) નિયમ 8(1)]

જેથી, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002નો 54) હેઠળ આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ (ત્યારબાદ "આઈકેએફ" તરીકે ઓળખાય છે)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ તારીખે કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ જારી કરી હતી, જેમાં તમને એટલે કે દેવાદારોને (જેમના નામ નીચે દર્શાવેલ છે) સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. અહીં નીચે ઉલ્લેખિત દેવાદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી નીચે ઉલ્લેખિત દેવાદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ મને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ સદર મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર અહીં નીચે ઉલ્લેખિત રકમ અને તેના પરના વ્યાજ માટે "આઈકેએફ" ના ચાર્જને આધીન રહેશે.

ક્રમ નં.	દેવાદાર(ઓ) / જામીનદાર(ઓ) ના નામ અને LAN	સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત)	માંગણી નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	LAN - LNCLB01022-230004347 1. શ્રી/શ્રીમતી કિરણકુમાર અરવિંદસિંહ પરમાર 2. શ્રી/શ્રીમતી જયેશકુમાર અરવિંદભાઈ પરમાર 3. શ્રી/શ્રીમતી અરવિંદભાઈ ધુલાભાઈ પરમાર 4. શ્રી/શ્રીમતી શોભનાબેન કિરણકુમાર પરમાર 5. શ્રી/શ્રીમતી જયાબેન જયેશકુમાર પરમાર રહેવાસીઃ વાઘજીભાન ઉફાલિયું તાલુકો, પાદરા જિલ્લો, વડોદરા, ઘર નં. 703, નરસિંહપુરા ગામ, વાદુ ડબકા રોડ, વડોદરા, ગુજરાત, ભારત-391440. અને અહીં પણઃ M/S. સાબરી એન્ડ કેમિકલ્સ પ્રા. લિ., પ્લોટ નં. A/236, GIDC ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નંદેસરી, વડોદરા-391440. અને અહીં પણઃ M/S. રીફોઈલ અર્થ રીફાઈન પ્રા. લિ., ઓફિસ બોય, એકલબારા ક્રોસિંગ રોડ તા. પાદરા જિલ્લો, વડોદરા. અને અહીં પણઃ નરસિંહપુરા, વાઘજીભાઈ વાદુ ફળિયું નજીક, 703, મુ. નરસિંહપુરા, તા. પાદરા - 391440.	મોજે નરસિંહપુરા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરામાં આવેલ બિન-ખેતી પ્લોટની જમીનવાળી તમામ મિલકત અને પાર્સલ, જેનો પ્રોપર્ટી હસ્તક ઘર નં. 703 છે, જેનું ક્ષેત્રફળ 69.70 ચો.મી. એટલે કે 750 ચો.ફૂટ છે. રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ પાદરા અને જિલ્લો વડોદરામાં આવેલ છે. સદર મિલકતની ચતુર્સીમા નીચે મુજબ છેઃ પૂર્વમાં - પ્રતાપભાઈ ધુલાભાઈ પરમારનું ઘર, પશ્ચિમમાં - રોડ, ઉત્તરમાં - વાઘજીભાઈ સોમાભાઈનું ઘર, દક્ષિણમાં - રોડ.	20.02.2026 રૂ. 4,86,018.92 (રૂપિયા ચાર લાખ છ્યાસી હજાર અઢાર અને બાણું પૈસા પૂરા)	08.05.2026
2	LAN - LNCLB01021-220003696 1. શ્રી/શ્રીમતી ઉગમસિંહ રામજીભાઈ રબારી 2. શ્રી/શ્રીમતી રીટાબેન રબારી ઉગમસિંહ રહેવાસીઃ આકર્ષ 1 ટાવર B, નારાયણ ગાર્ડન પાસે, વિશ્રાંતિ એસ્ટેટ ગોત્રી લક્ષ્મીપુરા રોડ, વડોદરા, ગુજરાત, ભારત-390021. અને અહીં પણઃ અન્વેષા એન્જી. એન્ડ પ્રોજેક્ટ્સ, બીજો માળ અન્વેષા હાઉસ, સિગ્નેટ સ્ક્વેર A ટાવર વુડા રોડ, ગુજરાત, ગંગોત્રી એપાર્ટમેન્ટ સામે, 390021. અને અહીં પણઃ ડો. હીના વી બોરીચા, કેર ટેકર, B-902 કલ્પ ડિઝાયર નારાયણ ગાર્ડન પાસે, લક્ષ્મીપુરા રોડ, વડોદરા-390027. અને અહીં પણઃ તા-પાદરા, જી-વડોદરા, 6/97/1, વોટર ટેન્ક પાસે, મુ-માસર - 391421.	મોજે માસર, વડોદરામાં આવેલ બિન-ખેતી પ્લોટની જમીનવાળી તમામ મિલકત અને પાર્સલ, જેનો પ્રોપર્ટી નં. 6/97/1 છે, જેનું ક્ષેત્રફળ 62.73 ચો.મી. એટલે કે 675 ચો.ફૂટ છે. રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ પાદરા અને જિલ્લો વડોદરામાં આવેલ છે. સદર મિલકતની ચતુર્સીમા નીચે મુજબ છેઃ પૂર્વમાં - રોડ, પશ્ચિમમાં - રોડ, ઉત્તરમાં - રબારી લાલજીભાઈ મશરૂભાઈનું ઘર, દક્ષિણમાં - ઈકબાલભાઈ નૂરભાઈનું ઘર.	20.02.2026 રૂ. 5,59,409/- (રૂપિયા પાંચ લાખ ઓગણસાઠ હજાર ચારસો નવ પૂરા)	08.05.2026

સ્થળઃ વડોદરા, ગુજરાત
તારીખઃ 08.05.2026

સહી/-
અધિકૃત અધિકારી
આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ વતી